


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯ | ૧૦ એપ્રિલ, ૨૦૨૧, શનિવાર; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં માત્ર ૫.૫ દિવસનો વેક્સિનનો સ્ટોક

## દેશભરમાં કોરોના વકરી રહ્યો છે, રસીકરણની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે, પરંતુ અમુક રાજ્યો પાસે બે દિવસ ચાલે તેટલો પણ રસીનો સ્ટોક નથી

નવી દિલ્હી,તા.૯

દેશભરમાં કોરોના વાયરસનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે. સાથે જ દેશમાં વેક્સિનેશનની પ્રક્રિયા પર પૂરજોશમાં ચાલી રહી છે. પરંતુ સ્વાસ્થ્ય મંત્રાલય પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર દેશમાં જે સ્પીડથી વેક્સિનેશન થઈ રહ્યું છે તે અનુસાર માત્ર ૫.૫ દિવસ ચાલે તેટલી વેક્સિન બચી છે. વધુ એક અઠવાડિયાના સપ્લાય માટે વેક્સિન પાઈપલાઈનમાં છે. કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીએ તો આ આંકડો ચિંતાજનક છે. આંધ્રપ્રદેશ અને બિહારની વાત કરી કરીએ તો અહીં વેક્સીનનો સ્ટોક બે દિવસ ચાલે તેટલો પણ નથી. ઓરિસ્સા જેવા રાજ્યો પાસે પણ ૪ દિવસનો સ્ટોક છે. સ્વાસ્થ્ય મંત્રાલય પાસેથી પ્રાપ્ત આ ડેટાનું વિશ્લેષણ ગુરુવારે બપોરે ૧૨.૩૦ સુધી પ્રત્યેક રાજ્યમાં મોકલવામાં આવેલા ટોટલ ડોઝ, અગાઉ ઉપયોગમાં લેવામાં આવેલા ડોઝ, જે ડોઝ પાઈપલાઈનમાં છે અને એક એપ્રિલથી પ્રત્યેક રાજ્યમાં દરરોજ કરવામાં આવેલા સરેરાશ વેક્સીનેશન પર આધારિત છે. તમને જણાવી દઈએ કે, પહેલી એપ્રિલથી ૪૫ વર્ષ અથવા તેનાથી વધારે ઉંમર ધરાવતા તમામ લોકોને રસી આપવામાં આવી રહી છે. જો આખા દેશની વાત કરીએ તો એપ્રિલમાં દરરોજ વેક્સિનેશનનો દર લગભગ ૩.૬ મિલિયન ડોઝ છે. કોઈ પણ રીતે વેક્સીનનો ૧૯.૬ મિલિયન ટોટલ સ્ટોક આગામી ૫.૫ દિવસ સુધી જ ચાલી શકશે. આ સિવાય વેક્સિનના જે ૨૪.૫ મિલિયન ડોઝ પાઈપલાઈનમાં છે, તે આગામી એક અઠવાડિયા માટે પૂરતા છે, પરંતુ જો રસીકરણની પ્રક્રિયાની ઝડપ એક પગલું પણ આગળ વધારવામાં આવશે તો વર્તમાન અને આવનારો સ્ટોક બન્ને પૂરા થઈ જશે. આંધ્રપ્રદેશ પાસે વેક્સીનના માત્ર ૧.૪ લાખ ડોઝ છે જે એક દિવસથી થોડા વધારે ચાલશે, અહીં એક એપ્રિલથી દરરોજ ૧.૧ લાખ ડોઝ આપવામાં આવી રહ્યા છે. રાજ્ય માટે જે ૧૪.૬ લાખ ડોઝ પાઈપલાઈનમાં છે તે કેટલા જલ્દી પહોંચે તેના પર નિર્ભર કરે છે. બિહારની પણ લગભગ આ જ પરિસ્થિતિ છે. અહીં દરરોજ લગભગ ૧.૭ લોકોને રસી આપવામાં આવી રહી છે, જ્યારે હવે માત્ર ૨.૬ લાખ ડોઝ બાકી રહ્યા છે. ગત સપ્તાહમાં મહારાષ્ટ્રમાં સૌથી ઝડપી રસીકરણની પ્રક્રિયા થઈ હતી. અહીં દરરોજ ૩.૯ લાખ લોકોને રસી આપવામાં આવી રહી છે. આ સ્થિતિમાં રાજ્ય પાસે માત્ર૧૫ લાખ ડોઝ સ્ટોકમાં છે, જે ૪ દિવસ માટે પણ પૂરતા નથી. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ઓરિસ્સા અને મધ્યપ્રદેશમાં પણ ચાર દિવસ સુધી ચાલે તેટલો સ્ટોક છે. આ માહિતી પરથી જાણવા મળે છે અમુક રાજ્ય વેક્સીનની તંગીનો સામનો કરી રહ્યા છે. આ વિશ્લેષણ પાછલા અઠવાડિયે થયેલા સરેરાશ રસીકકરણ પણ આધારિત છે. જે રાજ્યોમાં કોરોના ઝડપથી વકરી રહ્યો છે તે વેકસીનેશનની ઝડપ પણ વધારવાનો પ્રયાસ કરતા હશે. આવી પરિસ્થિતિમાં રસીના ડોઝની અછત ચિંતાજનક છે. ઉદાહરણ તરીકે, મહારાષ્ટ્રમાં ૨ એપ્રિલના રોજ વેક્સીનના ૫.૧ લાખ ડોઝ ઉપયોગમાં લેવામાં આવ્યા હતા, અને જો આ ઝડપથી રસીકરણની પ્રક્રિયા ચાલશે તો ત્યાં હવે ત્રણ દિવસથી ઓછો સ્ટોક છે.

## રસી નિકાસ તત્કાળ રોકવા રાહુલ ગાંધીનો મોદીને પત્ર



દેશમાં કોરોનાના કેસની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૩ દિવસથી દરરોજ એક લાખ કરતા પણ વધારે કોરોના કેસ નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧.૩૧ લાખ કરતા પણ વધારે કેસ સામે આવ્યા છે અને ૭૮૦ દર્દીઓ કોરોનાના કારણે મૃત્યુ પામ્યા છે. ત્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કોરોનાની વેક્સિનની નિકાસ તરત અટકાવી દેવા માંગણી કરી છે.

# દેશમાં કોરોનાના સર્વાધિક નવા ૧.૩૧ લાખ કેસ, ૭૮૦ના મોત

## અમેરિકા બાદ ભારત બીજો દેશ, જ્યાં એકસાથે આટલી મોટી સંખ્યામાં દર્દી વધી રહ્યા છે

ન્યુ દિલ્હી, તા.૯

કોરોના મહામારી નું વિકરાળ સ્વરૂપ સમગ્ર દેશમાં કહેર વર્તાવી રહ્યું છે. દરરોજ નવા કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છેછેલ્લા ૨૪ કલાકમાં ૧.૩૧ લાખ નવા કેસ નોંધાયા છે અને ૮૦૦થી વધારે લોકોના મોત થયા છે. જ્યારે ૬૦,૦૦૦થી વધારે લોકો સાજા થઈ ગયા છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખ તરફ આગળ વધી રહી છે અને હાલ તે આંકડો ૯.૭૪ લાખ જેટલો છે.

દેશમાં સતત કરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેરમાં સૌથી વધારે પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. જ્યાં સતત કોરોના વાયરસના કેસ અને મૃત્યુઆંક વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકની અંદર રાજ્યમાં કોરોના વાયરસના ૫૬,૨૮૬ નવા કેસ નોંધાયા છે. તો આજે મહારાષ્ટ્ર ૩૭૬ લોકોના મોત થયા છે. માત્ર મુંબઈની અંદર કોરોનાના ૮,૯૩૮ કેસ સામે આવ્યા છે અને ૨૩ લોકોના મોત થયા છે.

આ સિવાય દિલ્હીમાં પણ સ્થિત વણસી છે. ૭૫૦૦ કેસ નવા દિલ્હીમાં આવ્યા છે, જેણે છેલ્લાં છ મહિનાના તમામ રેકોર્ડ તોડી



નાંખ્યા છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૩૨ લાખ ૨૯ હજાર ૫૪૭ કોરોના કેસ નોંધાયા છે. તો અત્યાર સુધીમાં કોરોનાના કારણે થયેલા કુલ મૃત્યુઆંકની વાત કરીએ તો તે ૫૭,૦૨૮ પર પહોંચ્યો છે. ગઈ કાલે એટલે કે બુધવારે ૫૯ હજાર ૯૦૭ કોરોના કેસ સામે આવ્યા હતા. જ્યારે સોમવારે ૪૭ હજાર ૨૮૮ લોકોને કોરોના કેસ સામે આવ્યા હતા.

એકતરફ મહારાષ્ટ્રમાં કોરોના કેસમાં બમ્પર વધારો થઈ રહ્યો છે, તો બીજી તરફ રાજ્યમાં રસી મુદ્દે રાજકારણ ગરમાયું છએ. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રીએ આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર તમને પુરતી કોરોના રસી આપતી નથી.

કોરોના મહામારીના વધતા પ્રકોપની વચ્ચે ગુરૂવારના રોજ નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી. પીએમ મોકીએ સંકેત આપ્યા કે દેશવ્યાપી લોકડાઉન થશે નહીં. જો કે જે રાજ્ય નાઈટ કર્ફ્યુ લાગી રહ્યું છે તે યોગ્ય સાબિત થઈ શકે છે. પીએમ મોદીએ અપીલ કરી છે કે તેને કોરોના કર્ફ્યુ કહો. સાથો સાથ પીએમ મોદીએ ટેસ્ટિંગ વધારવાનું કહ્યું છે જેમાં Rt-PCR ટેસ્ટિંગની સંખ્યા ૭૦ ટકા સુધી રાખવાની વાત કહી છે.

# કોરોનાનો મૃત્યુદર ઘટી ૧.૨૮ ટકા પર પહોંચ્યો : ડૉ. હર્ષવર્ધન

## કેન્દ્રીય આરોગ્યમંત્રીની જીઓએમની ૨૪મી બેઠક : છેલ્લા અઠવાડિયામાં સરકારે દરરોજ ૪૩ લાખ લોકોને રસી આપી, આ સંખ્યા સંભવત : વિશ્વમાં સૌથી વધુ હતી

નવી દિલ્હી, તા. ૯

દેશમાં કોરોનાની બીજી લહેર વચ્ચે કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષ વર્ધન દ્વારા ગ્રુપ ઓફ



મિનિસ્ટર્સની (જીઓએમ)ની ૨૪મી બેઠક યોજાઈ હતી. આ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ દેશમાં કોરોનાની વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી હતી. હર્ષવર્ધનએ કહ્યું કે મૃત્યુ દર સતત ઘટી રહ્યો છે અને હવે તે ૧.૨૮ ટકા છે. તેમણે કહ્યું કે આજે સવારે ૯ વાગ્યા સુધી દેશમાં લોકોને ૯.૪૩ કરોડ કોરોના રસી ડોઝ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીયમંત્રીએ કહ્યું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના રસીના ૩૬,૯૧,૫૧૧ ડોઝ આપવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે છેલ્લા અઠવાડિયામાં અમે દરરોજ ૪૩ લાખ લોકોને કોરોના રસી લાગુ કરી રહ્યા છીએ. આ સંખ્યા સંભવતઃ વિશ્વભરમાં સૌથી વધુ હતી.

ડો.હર્ષ વર્ધનએ જણાવ્યું હતું કે અમારી છેલ્લી બેઠક સમયે દેશભરમાં ૧,૫૩,૮૪૭ લોકો મૃત્યુ પામ્યા હતા. આજે તે આંકડો ૧૬૭૬૪૨ પર પહોંચ્યો છે.

# દેશનાં અનેક શહેરોમાં વીકેન્ડ લોકડાઉન

ન્યુ દિલ્હી, તા.૯

કોરોના સંક્રમણની બીજી લહેરને પગલે વધતા જતા કેસો પર અંકુશ મૂકવા માટે દેશમાં ઘણાં બધાં શહેરોની અંદર આજથી વીકેન્ડ લોકડાઉન લાદવાની શરૂઆત કરાઈ રહી છે. મુંબઈમાં આની અસર ખાસ વર્તાઈ રહી છે. સ્થાનિકો સવારથી માર્કેટમાં અને અન્ય દુકાનો પર સામાનની ખરીદી કરવા માટે મોટી માત્રમાં ઉપસ્થિત થઈ રહ્યા છે.

કોરોનાનું સંકટ ફરીથી દેશમાં પોતાનો સકંજો કસી રહ્યું છે, જેને પગલે સંક્રમણને રોકવા માટે સ્થાનિક પ્રશાસન કડકાઈ પણ વર્તી રહી છે. ભારતનાં ઘણાં રાજ્યો અને શહેરોમાં નાઈટ કર્ફ્યૂ જાહેર કરી દેવાયો છે. તો કેટલીક જગ્યાએ આજથી વીકેન્ડ લોકડાઉનની પણ શરૂઆત થવા જઈ રહી છે. ચલો તો નજર ફેરવીએ કયા શહેરમાં વીકેન્ડ લોકડાઉન લાગી રહ્યું છે.

આખા મહારાષ્ટ્રમાં આજથી વીકેન્ડ લોકડાઉનની શરૂઆત કરવામાં આવી છે, જે આખા એપ્રિલ સુધી યથાવત રહેશે, જેમાં શુક્રવારની સાંજથી સોમવારની સવાર સુધી સમગ્ર શહેરમાં લોકડાઉન લાદવામાં આવશે. મુંબઈ, નાગપુર, નાસિક, થાણે અને પુણે જેવાં શહેરોમાં કોરોનાવાયરસના કેસોમાં ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે, જેથી અહીં સંક્રમણને કાબૂમાં લેવા માટે વીકેન્ડ લોકડાઉનની આવશ્યકતા પણ રહેલી છે.

મુંબઈમાં વીકેન્ડ લોકડાઉનની શરૂઆતના થોડાક સમય પહેલાં જ બજારમાં ખરીદી કરવા માટે લોકોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. દાદરના શાક માર્કેટમાં મોટા પ્રમાણમાં લોકો ઊમટ્યા હતા.

મધ્યપ્રદેશનાં તમામ શહેરોમાં હવે વીકેન્ડ લોકડાઉન લાદવામાં આવશે, એટલે કે ભોપાલ, ઈન્દોર, છિંદવાડ. ગ્વાલિયર, જબલપુર સહિત દરેક શહેરમાં લોકડાઉન રહેશે. આ પ્રતિબંધ શુક્રવારે સાંજે ૬ વાગ્યાથી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી લાગુ રહેશે. આ સમય દરમિયાન માત્ર જરૂરી કાર્ય કરવા અર્થે લોકોને બહાર નીકળવાની પરવાનગી આપવામાં આવશે.

મધ્યપ્રદેશના છિંદવાડામાં તો ૮ એપ્રિલથી ૭ દિવસો સુધી સંપૂર્ણ લોકડાઉન લાગી ગયું છે. કોલારમાં ૯ એપ્રિલથી ૯ દિવસનું લોકડાઉન જાહેર કરાયું છે અને શાજાપુરમાં આજથી ૨ દિવસનું લોકડાઉન જાહેર કરાયું છે.

# બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વીતીયના પતિ ફિલિપનું અવસાન

નવી દિલ્હી, તા. ૯

બ્રિટનની રોયલ ફેમિલિન એક ચિરાગ અસ્ત થયો છે. બ્રિટનની મહારાણી એલિઝાબેથ દ્વિતિયના પતિ પ્રિંસ ફિલિપનું ૯૯ વર્ષની વયે નિધન થયું છે. રોયલ ફેમિલિ દ્વારા ટ્વિટ કરીને આ જાણકારી આપવામાં આવી છે. હાલમાં જ પ્રિન્સ ફિલિપની હાર્ટ સર્જરી કરવામાં આવી હતી. જે દરમિયાન તેઓ ચાર અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહ્યા હતા. તેમને ૧૬ માર્ચના રોજ હોસ્પિટલમાંથી રજા મળી હતી. રોયલ ફેમિલિના ટ્વિટમાં જણાવ્યું કે વિંડસર કાસલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. પ્રિંસ ફિલિપનો જન્મ ૧૦ જૂન ૧૯૨૧ના રોજ થયો હતો. પ્રિંસ ફિલિપને ડ્યુક ઓફ એડિનબર્ગનું સન્માન મળ્યું હતું. ૧૯૪૭ના વર્ષની અંદર તેમણે મહારાણી એલિઝાબેથ દ્વિતિય સાથે લગ્ન કર્યા હતા. બંનેના લગ્નને ૭૩ વર્ષ થયા છે. પ્રિંસ ફિલિપ પોતાની નાદુરસ્ત તબિયતના કારણ જાહેર કાર્યક્રમોમાં દેખાતા નહોતા. આ સિવાય હાલમાં બ્રિટનામાં કોરોના વાયરસના પ્રકોપના કારણે તેઓ મહારાણી એલિઝાબેથ સાથે લંડનના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વિંડસર કાસલમાં રહેતા હતા. જ્યાં આજે સવારે તેમનું નિધન થયું છે. પ્રિંસ ફિલિપના પિતા એંડ્રૂ ડેન્માર્ક અને ગ્રીસના પ્રિન્સ હતા. તેઓ હેલીનીસના રાજાના નાના દિકરા હતા. પ્રિંસ ફિલિપના મોત બાદ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી છે.

# શોપિયામાં ૭ આતંકી ઠાર

શોપિયામાં ગુરૂવારથી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. ત્યારે શુક્રવારની અથડામણમાં ગજવા-તુલ-હિંદનો ચીફ કમાન્ડર માર્યો ગયો છે. કાશ્મીર ઝોનના પોલીસે જણાવ્યું કે, ચારે બાજુથી ઘેરાઈ ચુકેલા આતંકવાદીને સમજાવીને આત્મસમર્પણ કરાવવા અને મસ્જિદને બચાવવા માટે આતંકવાદીના ભાઈ અને સ્થાનિક ઈમામને મસ્જિદની અંદર મોકલવામાં આવ્યા હતા.

# પશ્ચિમ બંગાળમાં વધુ ૪૪ વિધાનસભા બેઠકો માટે મતદાન

કોલકાતા,તા.૯

પશ્ચિમ બંગાળમાં ૧૦ એપ્રિલે યોજાનાર ચોથા તબક્કાના મતદાન માટેના પ્રચારનો ગુરુવારે સાંજે પાંચ વાગ્યે અંત આવી ગયો હતો. ૧૦ એપ્રિલે રાજ્યના પાંચ જિલ્લાઓની ૪૪ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ૧૦ એપ્રિલે યોજનાર ચૂંટણીમાં ૫૮,૮૨,૫૧૪ પુરુષો અને ૫૬,૯૮,૨૧૮ મહિલાઓ મતદાન કરશે. શનિવારે થનારી ચૂંટણીમાં કુલ ૩૭૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ જશે.

જે પાંચ જિલ્લાઓમાં મતદાન થવાનું છે તેમાં હાવડા(ભાગ-૨), સાઉથ ૨૪ પરગણા(ભાગ-૩), હુગલી(ભાગ-૨), અલીપુરદાર અને કોચબેહરનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ૧૦ એપ્રિલે સવારે સાત વાગ્યાથી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી ૧૫,૯૪૦ મતદાન મથકો પર મતદાન થશે. હાવડાની ૯, દક્ષિણ ૨૪ પરગણાની ૧૧, અલિપુરદારની પાંચ, કોચબેહરની ૯ અને હૂગલીની ૧૦ બેઠકોનો સમાવેશ થાય છે.

૧૦ એપ્રિલના રોજ જે મહાનુભાવોનું ભાવિ ઈવીએમમાં સીલ થવાનું છે તેમાં બંગાળના પૂર્વ રણજી કેપ્ટન અને તૃણમુલના શિબપુરના ઉમેદવાર મનોજ તિવારી, રાજ્ય શિક્ષણ પ્રધાન અને બેહાલા પશ્ચિમ બેઠકના વર્તમાન ધારાસભ્ય પાર્થ ચેટર્જી તથા ભાજપના કેન્દ્રીય પ્રધાન બાબુલ સુપ્રિયોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે.

## વિસનગરા નાગર બેસણુ



**સ્વ.મહેશભાઈ હર્ષદરાય દેસાઈ**

સ્વર્ગવાસ તા.૯-૪-૨૦૨૧, શુક્રવાર

અમારા પિતાશ્રી **મહેશભાઈ હર્ષદરાય દેસાઈ** (બિન્દુ દૈનિક તેમજ નાગરમિત્રના તંત્રી) તા.૯-૪-૨૦૨૧, શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા.૧૦-૪-૨૦૨૧ને શનિવારે સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

સ્થળ : સી-૪૩, નંદી પાર્ક, નોબલ સ્કુલની પાછળ, કૃષ્ણનગર, અમદાવાદ.
પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.

**લિ.**

ગં.સ્વ. દક્ષાબેન મહેશભાઈ દેસાઈ

વિકાસભાઈ હર્ષદરાય દેસાઈ (ભાઈ) — દક્ષાબેન વિકાસભાઈ દેસાઈ (ભાભી)
હાર્દિક મહેશભાઈ દેસાઈ (પુત્ર) — હિરલ હાર્દિકભાઈ દેસાઈ (પુત્ર વધુ)
રાહુલ મહેશભાઈ દેસાઈ (પુત્ર) — કિંજલ રાહુલભાઈ દેસાઈ (પુત્ર વધુ)
કૌશલ વિકાસભાઈ દેસાઈ (ભત્રીજો)
નૈતિક હાર્દિકભાઈ દેસાઈ (પૌત્ર) — હેન્સી હાર્દિકભાઈ દેસાઈ (પૌત્રી)
નિલય રાહુલભાઈ દેસાઈ (પૌત્ર)

સમસ્ત દેસાઈ પરિવાર

**હાર્દિક દેસાઈ** : ૯૯૦૯૦૨૬૭૪૪, ૯૩૨૭૮૦૮૮૦૧
**રાહુલ દેસાઈ** : ૮૩૨૦૧૮૫૩૦૭ ● **વિકાસ દેસાઈ** : ૯૪૨૭૪૬૧૦૮૬

**તાત્કાલિક જરૂર છે**

★સેલ્સ એક્ઝિક્યુટિવ (અનુભવી)
★એકાઉન્ટ ઓફિસર (અનુભવી અને ટેલી સોફ્ટવેર જાણકાર)

**મિનાક્ષી એન્ટરપ્રાઈઝ**

મળવાનો સમયઃ ૨ થી ૫ બપોરે
મો.૯૬૨૪૪૨૧૯૯૯
૩૮૧, મિનાક્ષી, તૃપ્તી પાર્લરની બાજુમાં, સે.૧૬, ગાંધીનગર

**FIGHT CORONA** M. 90998 72551

**સેનેટાઈઝ સર્વિસ**

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.